સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ

**સંચાલિત**

એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન કોલેજ,આણંદ

(સ્થાપના વર્ષ-૧૯૭૧)

એન.એસ.પટેલ સર્કલ, ભાલેજ રોડ, આણંદ-૩૮૮૦૦૧

ફોન નંબર(૦૨૬૯૨-૨૫૦૮૩૭ )

NCTE CODE 313022

Email : info@nhpateledu.org website: nhpateledu.org

**Accredited with'B' Grade(2.75 CGPA) by AAA**

**Re - accredited with'B' Grade (2.38 CGPA) by NAAC**

**CBCS (2 Year) B.Ed. Course**

**શૈક્ષણિક વર્ષ2019-20-21**

**Place to Groom**

## : આવકાર અને અભિનંદન :

પ્રશિક્ષણાર્થી બહેનો – ભાઈઓ તથા સુજ્ઞ વાલીશ્રી,

- આપ સૌ જાણતા હશો કે સમગ્ર ભારતમાં **NCTE**નાનીતિ નિયમો અનુસાર શૈક્ષણિક વર્ષ જૂન **૨૦૧૫ થી (CBCS-2 Year B.Ed. Course)**બી.એડ. ડીગ્રીનાઅભ્યાસક્રમનો ગાળો-૨વર્ષનો થયેલ છે.સ.પ.યુનિ.સંલગ્ન એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન ,આણંદ કોલેજમાં પ્રવેશ લઇ આપે અહીં અભ્યાસ માટે પસંદગી આપી છે. કોલેજ પરિવાર વતી આપને આવકારી અભિનંદન પાઠવું છું. આપ પણ આ સંસ્થાના ગૌરવશાળીપ્રશિક્ષણાર્થી બનો એવી શુભેચ્છા.
- **15** જુલાઈ **1971ના** સ્થાપનાવર્ષથી આ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી બી.એડ. પરીક્ષાના પરિણામોમાં હંમેશા અગ્રેસર રહી છે. તથા આજ સુધી **48** વર્ષની યાત્રામાં 15 વાર યુનિ.ગોલ્ડમેડલ અને ગુજરાતી વિષયના 6 વાર યુનિવર્સિટી ગોલ્ડ મેડલનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. તાલીમી કોલેજ હોવાથી કેટલીક બાબતોની ખાસ કાળજી લેવા આગ્રહ રાખીએ છીએ. બે વર્ષની (૪ સેમેસ્ટર) તમામ શૈ.પ્રવૃત્તિઓ ફરજીયાત કરવાની રહેશે. એકપણ સેમેસ્ટરમાં **કોઇપણ પ્રવૃત્તિમાંથી મુક્તિ મળશે નહીં** નિયમિતહાજરી,ચોકસાઈ અને સંનિષ્ઠ પ્રયત્નો દ્વારા ઊચું પરિણામ આવશે જ,
- સંસ્થાઆધુનિકીકરણ અને વૈશ્વિકરણના જ્ઞાનયુગમાં નિષ્ઠા, હકારાત્મકતા, નવીનતાનેનવા સ્વરૂપે,નવા પ્રયત્નોથી માનવીયકરણની પ્રક્રિયામાં શ્રદ્ધા સાથે શિક્ષણની ખેતી કરવા નવા મંત્રો સાથે ડગ માંડતી રહી છે. ગુણવત્તાના ચાહક અધ્યાપકો તથા વહીવટીય કર્મચારી મિત્રો વિચારોની ખેતી દ્વારા ઉત્તમ શિક્ષક તૈયાર કરવાનું કાર્ય અવિરત પણે કરી રહ્યા છે.

- સંસ્થામાં ગુણવત્તાયુક્ત અધ્યયન-અધ્યાપન સાથે રાષ્ટ્રીયકક્ષાના આયોજનથી સંસ્થાને વિશિષ્ટનામના મળેલ છે. જેમાં વિદ્યાર્થી તથા વાલીનો ફાળો નોંધનીય રહેલ છે. ઉચ્ચ પરિણામ મેળવનાર માટે દાતાઓ તરફથી ઇનામી યોજનાઓ તથા રોકડ પુરસ્કારની જાહેરાત થયેલ છે. જેમાં દર વર્ષે નવા દાતા ઉમેરાય છે. અને પૂર્વ દાતા રકમમાં ઉમેરો પણ કરે છે. અનુદાનિત યોજનાઓ તથા ઇનામોવાળી પ્રવૃત્તિઓથી પણ સંસ્થા આખું વર્ષ ધમધમતી રહે છે.**KCG** ની સપ્તધારા પ્રવૃત્તિઓનીસાથે ઉચ્ચ શિક્ષણ કમિશનર ગાંધીનગરનીકચેરી નિર્દેશિત કાર્યક્રમોમાં થેલેસેમિયા ચેકઅપ,સ્વાસ્થ્યચકાસણી,નેત્ર ચકાસણી, ખેલકૂદ,સાંસ્કૃતિક કાર્યક્રમ,વકતૃત્વ સ્પર્ધા,સર્જનાત્મક પ્રવૃત્તિઓ,મતદાન જાગૃતિ,બેટી બચાવો, સુરક્ષાસેતુ, કરાટેકાર્યક્રમ, બ્લડ ડોનેશન જેવી શિક્ષણપોષક,સમાજસેવી અને સમાજોત્કર્ષની પ્રવૃત્તિઓ સાથે સેમિનાર, વર્કશોપ,ઉદિશા, સ્ત્રીસશક્તિકરણની તથા વિવિધ ક્લબ આયોજિત પ્રવૃત્તિઓમાંભાગ લઇ બહેનો પ્રગતિના પંથે કદમ માંડે છે. આપ પણ આપનું નામ આ સ્થાને મૂકી સ્વઉત્કર્ષ દ્વારા સંસ્થાને ગૌરવ અપાવશો.
- વર્ગમાં અને સંસ્થામાં અભ્યાસકીય અને સ્વાસ્થ્યસભર ગૌરવપૂર્ણ વાતાવરણ સ્થાપવાની જવાબદારી આપણાસૌની સહિયારી છે.“હમ હોંગે કામયાબ”– નાવીન્યપૂર્ણ પ્રયોગો સંસ્થાની ગુણવત્તાના સાક્ષી છે.“ચલો કોલેજ” અને સંધાન મુલાકાત કાર્યક્રમ સંસ્થાએ સફળતાપૂર્વક પાર પડેલ છે.**NAAC દ્વારા2014 સપ્ટેમ્બર**માં રીએક્રીડીટેશન થયેલ છે. જેમાં**2.38 CGPA, “ B”**ગ્રેડ મેળવેલ છે.**KCG**દ્વારા AAAમાં **2.75 CGPA, “B”**ગ્રેડજાહેર થયેલ છે. સરકારની તમામ ગ્રાન્ટમાંથી તાલીમાર્થીઓને વિવિધ સ્કોલરશીપઆપવામાં આવે છે.
- “ **!! તમસો મા જ્યોતિર્ગમય !!**” કોલેજનો મુદ્રાલેખ છે જેનેસાર્થક કરવામાં કોલેજ પરિવાર સતત પ્રત્નશીલ રહે છે. જેથી કોઇપણ કાર્યની સફળતા માટે સર્વેએ આ **TEAM**માં જોડાઈ પ્રયત્ન કરવો. ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.આ વિધાન જોતાં ભારતના ભાવિ સમાજના ઘડતરની જવાબદારી શિક્ષકના શિરે છે, તેમાંય“ એક શિક્ષિત વાલી સો શિક્ષકની ગરજ સારે છે ”, એ ગર્વ લેવા જેવી બાબત છે. અહીંનું માનવ સંસાધન સંસ્થા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટે “ દિલસે” જોડાયેલું છે.“મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા”ના મહામંત્ર સાથે કાર્યની શરૂઆતમાં માનીએ છીએ, જે થકી યુનિ કક્ષાએ ઉચ્ચ પરિણામો સિધ્ધ કરી શકીએ છીએ.
- શૈક્ષણિકવર્ષ<u>**2019-20**</u>ના પ્રથમ સેમેસ્ટરનો પ્રારંભ <u>**તા.10-6-2019 સોમવારે10.15 કલાકે થશે.**</u> સૌને સંસ્થામાં સમયસર આવવાનું રહેશે.હોસ્ટેલમાં રહેનાર તાલીમાર્થીઓએ રહેવાની વ્યવસ્થા આગલા દિવસે કરી સંસ્થામાં સમયસર પહોંચી જવું. જીવન ઘડતરના પાઠની તાલીમ એટલેઆપણી એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન ,આણંદ આ તાલીમી સંસ્થા હોવાથી પ્રથમ દિવસથી જ અભ્યાસ સંદર્ભે ઓરિએન્ટેશન કાર્ય શરુ કરી દેવાય છે. માટે પ્રથમ દિવસથી જ નિયમિત રીતે મળીશું. <u>**ક્યારેય કોઇપણ પ્રકારની જાણ કાર્ય વિના ગેરહાજર રહેવાની છૂટ નથી**</u>. તે અંગેની તમામ જવાબદારી પ્રશિક્ષણાર્થીતથા તેમના વાલીની રહેશે. વાલીની ચિઠ્ઠી વિના રજા મંજૂર કરવામાં આવતી નથી. બી.એડ.માં આંતરિક ગુણાંકનનાં ફરજીયાત કાર્યક્રમ,સુપરતકાર્યોની સમજૂતીમાં હાજરી ફરજીયાત હોવાથી તે દિવસોમાં ગેરહાજર ન રહેવું. પ્રેક્ટિસ ટીચીંગ દરમ્યાન રજાની માંગણી મંજૂર કરવામાં આવતી નથી, જેની કાળજી લેશો. પ્રેક્ટિસ ટીચીંગ અંતર્ગત-માઈક્રોપાઠ, સ્ટ્રે લેસન,(પ્રથમ સેમ) બ્લોક ટીચીંગ કાર્યક્રમ(બીજું ચોથું સેમ ), ઇન્ટર્નશીપ (૧૬ સપ્તાહ ત્રીજું સેમ) ફરજીયાત છે. એ વિના પરીક્ષા માટેની મંજૂરી મળતી નથી.બીજા વર્ષમાં (ત્રીજા સેમેસ્ટરના) ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં આસપાસના વિસ્તારની શાળાઓમાં જ જોડાવાનું રહેશે.
- પ્રાર્થનાસભામાં નિયમિત હાજરી,શિસ્ત,સમયપાલન, નિયમિતતા,નાવીન્યસભર કાર્ય, સખત પરિશ્રમ અને પ્રમાણિકતા શિક્ષક તાલીમનું હાર્દછે. જ્ઞાનની સદીમાં જ્ઞાન સજ્જતા સાથે વ્યાવસાયિક સજ્જતા અને વ્યવહાર સજ્જતા આ તાલીમનો

ભાગ છે. **<u>પ્રથમ દિવસથી જ કોલેજમાં હાજરી ફરજીયાત છે</u>**. ( અનિવાર્ય સંજોગોમાં ટાળી ન શકાય તેવા કારણો હોય તો આચાર્યને લેખિતમાં અરજી આપવાનીજવાબદારી તમારી રહેશે. ) હાજર ન થાઓ અને એડમિશન અંગે કોઈ કાર્યવાહી થાય, તો તેની જવાબદારી તમારી પોતાની રહેશે. પડકારોનો સામનો કરવાની તૈયારીના પાઠ ભેગા મળી શીખીશું.

- શિક્ષક વ્યવસાય તાલીમના ભાગરૂપે શાળાના વિષયોમાં ધોરણ ૬ થી ૧૦ અને નામાના મૂળતત્વો, અર્થશાસ્ત્ર વિષય હોય તો ધો.૧૧-૧૨ માં લેસન આપવાના હોવાથી વિષયવસ્તુ સજ્જતા ખૂબ આવશ્યક છે. ધો.૬ થી ૧૦ સુધીના તમામ વિષયના પાઠ્યપુસ્તક વેકેશનમાં ખરીદી લેશો. એડમિશન મળ્યા બાદની રજાઓ દરમ્યાન તમે તમારા સ્નાતક કક્ષાના વિષયમાં નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર થયેલ ધો.૬,૭,૮,૯,૧૦ ના પાઠ્યપુસ્તક, ધો.૧૧-૧૨ માટે નામાના મૂળતત્વો, અર્થશાસ્ત્ર માટેપાઠ્યપુસ્તકના એકમના તથા એના સ્વાધ્યાયનો અભ્યાસ કરી લેખિત નોંધની તૈયારી સાથે સંસ્થામાં આવશો. તમારી વિષય સજ્જતા થકી તમારું કાર્ય અને પરિણામ દીપી ઊઠશે. બંનેસેમેસ્ટરમાં પ્રથમ પખવાડિયામાં તમારા વિષયની વિષયવસ્તુની કસોટી આપવાની રહેશે.( સર્વેએ એકમના અંતે આપેલ સ્વાધ્યાય લેખિત તૈયાર કરી લાવવા ફરજીયાત છે.) વિષય શિક્ષક સમજૂતી આપે તેનું પાલન કરવું.
- પ્રથમ દિવસે તમારા બ્લડ ગૃપની ફોટોસ્ટેટ નકલ,થેલેસેમિયા ટેસ્ટ કરાવેલ હોય તો તેના સર્ટીની નકલ તથા પાસપોર્ટ સાઈઝના<u>તાજેતરના ૬ ફોટોગ્રાફ લાવવાના રહેશે</u>. (જૂના ફોટા માન્ય નથી.) ફોટાના કવર ઉપર નામ,સરનામું તથા એડમિશન સમયે મળેલ રોલ નંબર નોંધી કવર શ્રી આર,એમ. જોશીને જમા કરાવવું  ફરજીયાત છે.
- પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનોને પોતાની છેલ્લી પરીક્ષા સરદાર પટેલ યુનિવર્સિટી સાથે જોડાયેલ કોલેજમાંથી અથવા અનુસ્નાતક વિભાગમાંથી પાસ કરી હોય તો તેમણે **<u>ટ્રાન્સફર સર્ટીફિકેટ</u>** માટે અરજી કરવાની રહેશે. એક માસમાં ટી.સી.(ટ્રાન્સફર સર્ટિ) રજૂ કરવાનું રહેશે. એ પુરાવો સમયસર રજૂ કરવામાં નહીં આવે તો નિર્ધારિત દંડ સાથે પુનઃ કાર્યવાહી ન કરવી પડે તેની કાળજી તમારે લેવાની છે. સંસ્થાનું નોટિસબોર્ડ જોતા રહેવું.
- સરદાર પટેલ યુનિવર્સિટી સિવાય **OUG, OUT** કેટેગરીમાં તમને આપેલ પ્રવેશ કામચલાઉ છે. ઓગસ્ટ**31** સુધીમાં ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ કોલેજ કાર્યાલયમાં સુપરત કરવાનું રહેશે તેમ કરવામાં વિલંબ ન થાય તેની કાળજી લેશો.વિલંબ થતાં યુનિ. દંડ સાથે ફોર્મ ભરવાનું હોય છે.જેદંડ વિદ્યાર્થીએ ભરવાનો રહેશે.

**<u>અન્ય બાબતો:</u>**

- યુનિવર્સિટીના તમામ નિયમો સ્વીકારી એડમિશન સમયે ભરેલ ફી તાત્કાલિક કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં. કોઇપણ કારણોસર પ્રવેશ રદ કરવો,અભ્યાસ છોડવાની સ્થિતિ ઊભી થાય તો આ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ હોવાથી સરકારશ્રી દ્વારા બહેનોની ટ્યુશન ફીની માફી હોવાથી રૂા.૧૨૫૦/સરકારશ્રીમાં ચલણથી ભરીને જ અભ્યાસ છોડી શકશે. (સરકારશ્રીના નિયમાનુસાર) એની કાર્યવાહી પ્રશિક્ષણાર્થીએ કરવી.
- પ્રશિક્ષણાર્થીએ સંસ્થા દ્વારા આપેલ ઓળખપત્ર પહેરી વર્ગમાં હાજર રહેવું ફરજીયાત છે. કોલેજમાં દાખલ થતાંજ ઓળખપત્ર પહેરી લેવું.ઓળખપત્ર ન પહેરનાર દંડને પાત્ર બનશે.
- કોલેજસવારે 11.10 થી શરુ થાય છે. પ્રાર્થના પ્રવચન તાલીમના ભાગરૂપ હોવાથી ફરજીયાત હાજર રહેવું.
- કોલેજનું  સંસ્થા ગીત દરેકે મુખપાઠ કરવાનું રહેશે. સંસ્થાના દરેક કાર્યક્રમમાં બહુ શિસ્તપૂર્વક અને લયબદ્ધ રીતે ગાવાનું રહેશે.
- સવારે ૧૦.૩૦ થી ૧૧.૦૦ લાયબ્રેરીનો ઉપયોગ કરવો. પુસ્તક લેવડદેવડ અંગે ગ્રંથાલયની સૂચના અનુસરવી, નિયમો પાળવા.

- **Computer Education** ના ક્લાસમાં ફરજીયાત જોડાવવાનું રહેશે. જેના વર્ગોમાં ૧૦.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન વહેંચણી કરેલ જૂથ પ્રમાણે હાજર રહેવું.
- રજા મંજૂરી માટે હાજરી ઇન્ચાર્જ/ આચાર્યની પૂર્વમંજૂરી જરૂરી રહેશે. કોઇ□ણ પ્રાધ્યા□કને કે કાર્યાલયમાં ફોન કરી રજા મંજૂરીની રજૂઆત કરવી નહીં.
- પ્રેક્ટિસ ટીચિંગ, સબમિશનકાર્ય કેઆંતરિક કસોટી દરમ્યાન કોઇ□ણ સંજોગોમાં રજાની અનુમતિ મળશે નહીં. સુ□રતકાર્યો, આંતરિક કસોટીઓ, પ્રવૃત્તિઓ વગેરે જેવા અનેકવિધ કાર્યો,સમયબદ્ધ રીતે આયોજિત હોવાથી સોં□વામાં આવેલ કાર્ય નિર્ધારિત સમયે પૂર્ણ કરવાની જવાબદારી પ્રશિક્ષણાર્થીની રહેશે. જાહેરકરેલીતારીખે સબમિશન જમા ન કરાવનારેગુણ ગુમાવવાના રહેશે. સંસ્થામાં અભ્યાસ કરનાર પ્રશિક્ષણાર્થીઓની ઝળહળતી સિદ્ધિ અને શિસ્તના □ાઠ તથા ગુણવત્તાયુકત શિક્ષણ થકી શિક્ષક તરીકે મેળવેલ નિમણૂક અમારે સૌને મન ગૌરવની બાબત છે. ઘણીવાર **Block Teaching/Internship**દરમ્યાન જ નોકરી માટે તાલીમાર્થીઓની □સંદગી થઇ જાય છે. અહીંથી અભ્યાસ કરેલ તાલીમાર્થીઓ સરકારી બિનસરકારી સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ □ર કાર્યરત છે. વિદેશમાં સ્થાયી થયેલ તાલીમાર્થીઓ □ણ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલ છે.
- શૈ.વર્ષ જૂન૨૦૧૫-૧૬ થી **CBCS મુજબB.Ed.** ચાર સેમેસ્ટરનો કોર્ષ થયેલ છે. યુનિવર્સિટી સેમેસ્ટર □રીક્ષા □હેલાં આંતરિક ગુણના તમામ સબમિશન તૈયાર કરી જમા કરાવવા ફરજીયાત છે. સબમિશન તથા આંતરિક□રીક્ષામાં ૪૦% સાથે □ાસ થવું તથા નિયમિત હાજરી અનિવાર્ય છે. આ બંનેની પૂર્તતા ન થાય તો □રીક્ષા ફોર્મ ભરી શકશે નહીં. અગાઉ ફોર્મ ભરાઈ ગયેલ હોય □ણ પૂર્તતા ના થતી હોય તો □રીક્ષા ફોર્મ □રત ખેંચી લેવામાં આવશે. જેની સૌએ ગંભીર નોંધ લેવી. વાલીને □ણ આ અંગે અગાઉથી જાણ કરવી. આ તાલીમી કોલેજ છે. માટે અન્ય કોલેજ સાથે તુલના કરવી નહીં.**"I am the best"**ના મંત્ર સાથે કામ કરતા રહેવું.
- પ્રથમ સેમેસ્ટરના □રિણામની રાહ જોયા વિના બીજા સેમેસ્ટરનું શિક્ષણ કાર્ય શરુ થઇ જાય છે. એ ખાસ યાદ રાખવું. યુનિ સેમેસ્ટરની □રીક્ષા પૂર્ણ થયા બાદ કોલેજમાં રજા હોતી નથી.**Computer**ના વર્ગો તથા તાલીમાર્થીઓ માટેના સાપ્તાહિક તાલીમી કાર્યો અને **KCG** નિર્દેશિત કાર્યોનું આયોજન તાત્કાલિક કરવાનું હોય છે. માટે વધારાની કોઈ રજા જાહેર કરવામાં આવતી નથી. દરેકે કોલેજ આવવું ફરજીયાત છે. ન આવનારની ગેરહાજરી ગણી લેવામાં આવશે. ૩ દિવસથી વધુ ગેરહાજર રહેનાર તાલીમાર્થીઓએ લેખિત અરજી સાથે વાલીને □ણ સાથે લાવી રજૂઆત માટે આચાર્યને મળવું.
- સંસ્થાની શૈક્ષણિક સાધનસામગ્રી તમારા માટે છે. તમારા કાર્યની ગુણવત્તા અને ઉ□યોગિતા માટે છે. એનો ઉ□યોગ સાવચેતી પૂર્વક કરવો અનેસ્વચ્છતા જાળવવી. કોલેજનો નાનકડો બાગ □ર્યાવરણ શુદ્ધ રાખે છે, આથી બાગની જાળવણી કરવી. સંસ્થાકીય સાધનસામગ્રી ને થયેલ નુકશાન માટે ઘટનાને ધ્યાનમાં રાખી, આચાર્ય સાથે ચર્ચાબાદ જે નિર્ણય લેવાય તે અનુસાર કાર્યવાહી કરવામાં આવશે/દંડ હોય તો તે ભરવાનો રહેશે.
- તમારા વિષયને લગતી સંદર્ભ સામગ્રી અગાઉથી તમારી □ાસે જ રાખવી/ ગ્રંથાલયમાંથી મેળવી લેવી.શૈક્ષણિક સાધન તૈયાર કરીને જમા કરાવવાનું ફરજીયાત છે. સહ અભ્યાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સામગ્રી લાવવાની રહેશે. વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી માટે શક્ય હોય તો સફેદ ડ્રેસ અગાઉથી જ □ોતાની □ાસે રાખવો. શાળામાં □ાઠ દરમ્યાન બહેનોએ સાડી □હેરવી ફરજીયાત છે.

❖ સંસ્થામાં દર વર્ષે વાલી મીટિંગનું આયોજન કરવામાં આવે છે. જરૂર જણાય ત્યારે વાલીને માર્ગદર્શન માટે બોલાવવામાં આવે છે.આવી મીટિંગોમા વાલીએ ઉપસ્થિત રહે એવી  મારી  પેક્ષા છે. આપના બાળક માટે આપનો કિમતી સમય ફાળવશો તો આપના બાળકનો વિકાસ થયેલ જોવા મળશે.

## <u>ખાસ  ગત્યનું</u>:

૧.મોબાઈલ ફોન યુનિ.ના નિયમોનુસાર કોલેજમાં લાવવાની  નુમતિ નથી. કોલેજમાંમોબાઈલ ફોન સાથે પકડાઈ જનારને રૂ.૫૦૦/- દંડ ભરવાનો રહેશે  નેમોબાઈલ જપ્ત કરવામાં આવશે. આ અંગે વાલીએ જ કાળજી રાખવી. પોતાના પાલ્યને ફોન આપવો નહીં. નિયમ પાલન માટે આપનો સહકાર મળશે જ એવીશ્રધ્ધા છે. કોલેજ સમય દરમ્યાન વાલીએ પાલ્યને મોબાઈલ ફોન કરવો નહીં. મોબાઈલ વાપરવા આપવો નહીં. બિનજરૂરી સંપર્ક ટાળવો. જરૂર જણાય તો કોલેજનો ફોન નંબર છે તેના પર સંપર્ક કરવો (પ્રશિક્ષણાર્થીનુંનામ,રોલ નંબર, ગામ  ચૂક જણાવવા)

૨. તમાર પત્રવ્યવહારના સરનામા કે ફોન નંબરમાં ફેરફાર થાય તો કોલેજના કાર્યાલયને તરત જ લેખિત જાણ કરવી. નોટિસબોર્ડ પર મુકેલ વિગતોમાં સુધારો હોય તો પણ લેખિત જાણ કરવી.

૩. નોટિસબોર્ડ પર મુકવામાં આવતી રોજની નોંધ માટે સજાગ રહેવું. જે તે નોટિસસંદર્ભે તરત કાર્યવાહી કરવી  ને પત્રકો જમાં કરાવવાના થતા હોય તો સમયસર જમા કરાવી દેવા, ન કરાવતાં દંડની જવાબદારી જે તે વ્યક્તિની વ્યક્તિગત રહેશે.

૪. સ્કોલરશીપ મેળવનાર તાલીમાર્થીઓએ સંસ્થા કાર્યાલય જણાવે તે પ્રમાણે બેંક એકાઉન્ટ ખોલાવવાના રહેશે. સ્કોલરશીપને પાત્ર હો તો સમયસર ફોર્મ ન જમા થાય તો તે જવાબદારી તમારી પોતાની રહેશે. ભ્યાસ  ધવચ્ચે છોડનારે સ્કોલરશીપ પરત કરવાની રહેશે. ભ્યાસ છોડી દેનાર સ્કોલરશીપના હક્કદાર રહેતાં નથી.આપના એકાઉન્ટમાં સ્કોલરશીપ જમા થાય તેની જાણ સંસ્થાને કરવાની રહેશે. સ્કોલરશીપ ની રકમ બેન્ક પાસ બુકમાં જમા થાય તે પાનની ઝેરોક્સ કોપી જમા કરાવવાની રહેશે.

૫. સ્ત્રી વિકાસ  ને ફરિયાદ નિવારણસેલથી પરિચિત થવું, પ્રવૃત્તિઓમાં જોડાવું. તમારી ફરિયાદ કે સૂચનોપેટીમાં નાખવા. ફરિયાદ પેટી આયોજન પ્રમાણે ખોલી સમસ્યાનો ઉકેલ કરવામાં આવે છે.

૬. લાયબ્રેરીના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોલેજના તમામ નીતિનિયમો દરેકને બંધનકર્તા રહેશે.

૭. મારા ગ્રંથાલયની વિશિષ્ટ સેવારૂપે વાલીઓ પણ વાંચન માટે પુસ્તક આપવામાં આવે છે.પુસ્તક વાંચન બાદ આપનો પ્રતિભાવ રજૂ કરવાનો રહેશે.

૮. શૈક્ષણિક પ્રવાસનું આયોજન તમારા આનંદ પ્રમોદ માટે જ કરવામાં આવે છે. સૌએ ફરજીયાત જોડાવાનું હોય છે. સંસ્થામાંથી એક દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.આ ઉપરાંત એક દિવસીય ફિલ્ડવિઝીટમાં પણ ફરજિયાત જોડવાનું રહેશે.

૯. હોસ્ટેલમાં રહેનાર બહેનો માટે હોસ્ટેલ રેક્ટર દ્વારા જણાવેલ નિયમોનું પાલન કરવાનું રહેશે. હોસ્ટેલમાંથી ઘરે જવા રજા લો ત્યારે સંસ્થામાં અરજી આપી રજા અગાઉથી મંજૂર કરવાની રહેશે. હોસ્ટેલના નિયમ પાલનની તમામ જવાબદારી જે તે બહેનની રહેશે. હોસ્ટેલના નિયમો સાથે સંસ્થાના નિયમો જોડાયેલ હોય છે.

૧૦.ચોથા સેમેસ્ટરની આંતરિકપરીક્ષા પૂર્ણ થતાં જ ફીડબેક ફોર્મ ભરવાના ફરજીયાત છે.

૧૧. ત્રીજા સેમેસ્ટરમાં ઇન્ટર્નશીપ નિયમ પ્રમાણે જોડાવાનું છે. સંસ્થાના નિયમો પ્રમાણે જયારે બોલાવવામાં આવે ત્યારે હાજર રહેવું ફરજીયાત છે.

૧૨. સેમ1થી4ની માહિતી પુસ્તિકામાં સમયાંતરે વિગતો ભરી ચોથા સેમેસ્ટરને અંતે કોલેજમાં જમા કરાવવી ફરજિયાત છે.

૧૩. કોલેજમાં પ્રવેશ મેળવ્યા તારીખ: ............................

દિલીપભાઈ યુ. પટેલ<br>
આચાર્ય<br>
એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન ,આણંદ.<br>
મો. 9924345533

વાલીનું નામ: -------------------------------------------------------------------:વાલીની સહી; -------------------------------------

પાલ્ય સાથેનોસબંધ : -------------------------------------------------------- મોબાઈલ નંબર: -----------------------------------

સરનામુ: --------------------------------------------------------------------------- તારીખ: -----------------------------------------

પ્રશિક્ષણાર્થીનુંનામ: -----------------------------------------------------------------------------------------------------------

પ્રશિક્ષણાર્થીની સહી; -----------------------------------------------------------મોબાઈલ નંબર: -----------------------------------

પ્રશિક્ષણાર્થીનું સરનામુ: -------------------------------------------------------------------------તારીખ:------------------------------

**નોંધ**:- આ પત્ર વાલીને વંચાવી પોતાની તથા વાલીની સહી કરાવી એની ઝેરોક્ષ નકલ આચાર્યશ્રી ને પ્રથમ દિવસે જમા કરાવવાની રહેશે.